# સત્સંગ સમાચાર

## દશેરાપૂજન

સંતભગવંત સાહેબજીની પ્રેરણાથી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ બ્રહ્મજ્યોતિ, મોગરીમાં તેમજ અનુપમ મિશનનાં સર્વે કેન્દ્રોમાં દશેરા પૂજનનો વિધિ ભક્તિભાવે ૮ ઑક્ટોબરના રોજ સંપન્ન થયો. અનુપમ મિશન, મોગરી ખાતે સંતભગવંત સાહેબજીના આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ સંતો શ્રી ઠાકોરજીને સાથે લઈને હરિભક્તોના વ્યવસાયસ્થાને, સંતોનાં કર્મયોગ-ભક્તિયોગનાં સ્થાને પધાર્યા અને દશેરાપૂજન કર્યાં. સ્થાનિક ભક્તોનાં વાહનો તેમજ મંદિરની સેવામાં ઉપયોગમાં લેવાતાં સંસાધનોનાં પૂજન કરી સંતોએ ભાવભરી પ્રાર્થનાઓ ધરી. વિશેષ, સૌના હૈયામાંથી પંચવિષયનો નાશ થાય અને પ્રભુભક્તિનો અખંડ નિવાસ થાય તે પ્રાર્થનાઓ કરી. ◆

## નૂતન મલ્ટિમીડિયા સૅન્ટર - 'ભક્તિમંદિર'નાં મુક્તાર્પણ

અનુપમ મિશનના નૂતન મલ્ટિમીડિયા સૅન્ટર-ભક્તિમંદિરનાં મુક્તાર્પણ સંતભગવંત સાહેબજીનાં કરકમલો દ્વારા ૨૦ ઑક્ટોબરના રોજ થયાં. અનુપમ મિશનના વિવધ પ્રકાશન વિભાગો - વિડિયો, ઑડિયો, પ્રિન્ટ, ફોટોગ્રાફી, વૅબસાઈટ આદિના સુભગ સમન્વયને સાધતું 'ભક્તિમંદિર' એ સહજ સૌના માટે પ્રભુ અને ગુરુની પ્રસન્નતા પ્રાપ્ત કરવાનું માધ્યમ બની રહે તે હેતુથી તેને આધુનિક વ્યવસ્થાઓથી સુસજ્જ કરવામાં આવ્યું. ભક્તિમંદિરના મુક્તાર્પણની મહાપૂજામાં તમામ વિભાગોના જવાબદાર સેવારત સંતો પૂ. વાસુભાઈ, પૂ. સતીશભાઈ, પૂ. ઉત્પલભાઈ, પૂ. મૂકેશભાઈ, પૂ. સંદીપભાઈ યજમાનપદે બિરાજ્યા અને તેઓની સેવાથી પ્રસન્ન સંતભગવંત સાહેબજી તેમજ સૌ સદ્‌ગુરુ સંતોએ આશીર્વાદ પાઠવ્યા.

અનુપમ મિશનના પ્રકાશન વિભાગના ભક્તિભર્યા ઈતિહાસની વાતોને સંતભગવંત સાહેબજીએ વર્ણવી સૌને સુહૃદભાવે ભક્તિસાધનામાં જોડાવાની સમજ આપી. આ પ્રસંગે ભક્તિમંદિરની સેવામાં સંતો સાથે જોડાયેલા વિવિધ મંડળોના મુક્તો સવિશેષ ઉપસ્થિત રહ્યા.

આ પ્રસંગે નૂતન ભક્તિમંદિરના નિર્માણમાં જે જે ભક્તોએ સાથ-સહકાર ને સેવાઓ આપી તેઓ સૌનાં અભિવાદન કરાયાં. ◆

## શરદપૂનમ, અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્ય ઉત્સવ

*** બ્રહ્મજ્યોતિ, મોગરી :** અનાદિ મૂળ અક્ષરમૂર્તિ શ્રી ગુણાતીતાનંદ સ્વામીના ૨૩૬મા પ્રાગટ્યપર્વની ભક્તિભાવપૂર્ણ ઉજવણી સંતભગવંત સાહેબજીની દિવ્ય ઉપસ્થિતિમાં તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી ખાતે શરદપૂર્ણિમાના શુભ દિન-૧૩ ઑક્ટોબરે કરવામાં આવી. આ પ્રસંગે સંતોના સાંનિધ્યે ખૂબ મોટી સંખ્યામાં સ્થાનિક અક્ષરમુક્તો એકત્ર થયા.

મંદિરમાં બિરાજમાન મૂર્તિઓની શોભા અલૌકિક હતી ! મંચ પર મધ્ય સિંહાસને બિરાજમાન સુશોભિત ગુણાતીતાનંદ સ્વામીની મૂર્તિનું તેજ સહજ સૌનું ધ્યાન આકર્ષિત કરતું હતું અને તેવાં જ પરમ તેજનાં આશિષ કિરણો પ્રગટ સ્વરૂપે સંતભગવંત સાહેબજીના માધ્યમથી સૌને પ્રાપ્ત થઈ રહ્યાં હતાં. સંતોએ સભાપ્રારંભે સુંદર મજાનાં કીર્તનોનાં ગાન




ભક્તિમંદિર મુક્તાર્પણ પ્રસંગે મહાપૂજામાં જવાબદાર સંતોને આશીર્દાન



શરદપૂર્ણિમા પાવન પ્રસંગે સાહેબજીના દિવ્ય આશીર્વાદ

કરી ગુણાતીત માહાત્મ્યગાથા રેલાવી. પૂ. પીટરભાઈ અને પૂ. બિમલભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કર્યાં.

સદ્‌ગુરુ સંત પૂ. શાંતિદાદાએ શ્રીજી અને સ્વામીની એકરૂપતા, અદ્વૈતતાને ભજનના માધ્યમથી સમજાવી કૃપાશિષ વરસાવી. પૂ. અશ્વિનદાદાએ ગુણાતીત સ્થિતિનાં વર્ણન કરી સંતભગવંત સાહેબજીની ગુણાતીત અવસ્થાની અલૌકિક અનુભૂતિ કરાવી. સંતભગવંત સાહેબજીએ આશિષ પ્રદાન કરી સૌને કૃતાર્થ કર્યાં. અંતે સૌએ સમૂહ આરતી દ્વારા શ્રી ગુણાતીત ચરણે હૃદયવંદના અર્પણ કરી. ◆

*** માણાવદર :** અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીનો પ્રાગટ્યપર્વ શરદપૂર્ણિમાની મંગલ રાત્રિએ પ્રાસાદિક તીર્થ માણાવદર ખાતે ભક્તિભાવથી ઊજવવામાં આવ્યો. ૭૫૦થી વધુ ભક્તોની ઉપસ્થિતિમાં 'સદા પ્રગટ રહી કીધા અનંતનાં કલ્યાણ' સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા શ્રીજી મહારાજના સમયના અક્ષરમુક્તો તેમજ અ.નિ. પૂ. ડૉ. સનંદભાઈ અને પૂ. અશ્વિનદાદાનાં જીવનદર્શન દ્વારા ગુણાતીતભાવને પ્રસ્તુત કરાયો.

આ પ્રસંગે પૂ. અરુણભાઈ, પૂ. રણછોડભાઈ, પૂ. ગૌતમભાઈ આદિ સંતોની પ્રેરક સંનિધિમાં ભક્તોએ અદ્‌ભુત ભક્તિભાવ પ્રગટ કર્યા. શ્રી ગુણાતીત જ્યોતનાં સંતબહેનોએ પણ આ પ્રસંગે પધારી આશીર્વાદ પાઠવ્યા અને ભક્તિભાવસભર સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરનાર સૌ યુવાન કલાકારોની ભક્તિને બિરદાવી. માણાવદરનાં યુવાનો અને યુવતીઓએ સુંદર સેવાઓ અદા કરી. સંતોના આશીર્વાદ પ્રાપ્ત કરી સૌ ધન્ય થયાં. પૂ. દિનાભાઈ, પૂ. અશોકભાઈ, પૂ. હરેશભાઈ, પૂ. દીપુભાઈ આદિ સંતોનાં માર્ગદર્શને સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવે સંપન્ન થયો. સમગ્ર કાર્યક્રમનું લાઇવ વૅબકાસ્ટ કરવામાં આવ્યું, જેને દેશ-પરદેશના અનેક ભક્તોએ માણ્યું. ◆



માણાવદરમાં શરદપૂર્ણિમાએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરનાર યુવા મંડળને સંતોના આશીર્વાદ

*** ઉપાસના ધામ, અમદાવાદ :** મંદિરમાં ૧૩ ઑક્ટોબરના રોજ અક્ષરબ્રહ્મ શ્રી ગુણાતીતાનંદ સ્વામી પ્રાગટ્ય ઉત્સવ લગભગ ૨૫૦થી પણ વધારે ભક્તોએ હર્ષોલ્લાસ સાથે ઊજવી ભક્તિ અદા કરી. સૂરવૃંદના ભક્તોએ સુંદર ભજનો ગાઈ ભક્તિરસ છલકાવી દીધો. સાધુ પૂ. ઉત્પલભાઈએ ભાવવાહી સ્વરે "ધરતલ ધરતીના તલ પર" ભજન ગાઈ, તેની સમજ આપતા પ્રસંગોની સુંદર વાતો કરી. સાધુ પૂ. સતીશભાઈએ સુંદર ગુણાતીતાનંદ સ્વામીના મહિમાની અને ગુણાતીત ભાવની અદ્‌ભુત વાતો કરી આશીર્વાદ આપ્યા. સૌ ભક્તો ખૂબ ભક્તિભાવ સાથે શ્રીજી અને સ્વામીની સ્મૃતિમાં ગરબા રમ્યા તેમજ પ્રસાદ ગ્રહણ કરી વિસર્જિત થયા. ◆

## સદ્‌ગુરુ સંતોનાં પ્રાગટ્ય પર્વ

અનુપમ મિશનના સદ્‌ગુરુ સંતો અ.નિ. પૂ. ડૉ. સનંદભાઈ, પૂ. પૂનમભાઈ અને પૂ. હર્ષદભાઈના પ્રાગટ્યપર્વની ભક્તિભાવપૂર્ણ ઉજવણી પાંચ નવેમ્બરના રોજ કરવામાં આવી. પારમિતા મંદિરે સંતભગવંત સાહેબજીની દિવ્ય નિશ્રામાં પૂ. પૂનમદાદાનો ૭૯મો અને પૂ. હર્ષદદાદાનો ૭૬મો પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પૂ. રમેશભાઈ ઝા, પૂ. દિલીપભાઈ, પૂ. પીટરભાઈએ પ્રાસંગિક માહાત્મ્યગાન કરી સદ્‌ગુરુ સંતોનાં જીવનનું અલૌકિક માહાત્મ્ય છતું કર્યું. પૂ. શાંતિદાદા અને પૂ. અશ્વિનદાદાએ સહમિત્રોના દાસત્વભર્યા જીવનને વર્ણવ્યું. સંતભગવંત સાહેબજીએ આધ્યાત્મિક મર્મને સમજાવતાં સદ્‌ગુરુ સંતોનાં જીવનનું સુંદર માહાત્મ્યગાન કર્યું. આ પ્રસંગે ઉપસ્થિત સ્થાનિક ભક્તો આ મહિમાવર્ષાનો આનંદ માણી ધન્યતા પામ્યા. સદ્‌ગુરુ સંતોના જીવનમાંથી મિષ લઈ ગુરુવચને પ્રભુચરણે સમર્પિત થવાના સંકલ્પ કર્યા. ◆



સદ્‌ગુરુ સંતો પૂ. પૂનમદાદા અને પૂ. હર્ષદદાદા પ્રાગટ્યપર્વનાં દિવ્ય દર્શન


## કર્મયોગ મંદિરે લાભપાંચમ મહાપૂજા

અનુપમ મિશનના કર્મયોગ મંદિર–અનુપમ ઍડહેસિવ્ઝ ખાતે ૧ નવેમ્બર, લાભપાંચમના શુભ દિને સર્વનાં મંગલ માટે મહાપૂજા અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે સંતભગવંત સાહેબજી, પૂ. અશ્વિનદાદા, પૂ. શાંતિદાદા, પૂ. રતિકાકા, પૂ. પૂનમદાદાની દિવ્ય સંનિધિમાં કર્મયોગ મંદિરે સેવાપ્રવૃત્ત સંતો પૂ. ગોરધનભાઈ, પૂ. ઉમેશભાઈ, પૂ. રમેશભાઈ–કપિલ, પૂ. પ્રકાશભાઈ આદિ સંતો તથા ભદ્રેશભાઈ, રસિકભાઈ, ગોપાલભાઈ આદિ ભક્તોએ યજમાનપદે બિરાજી પ્રાર્થનાઓ ધરી. આ કર્મયોગ મંદિરમાં 'ગીતા' પ્રબોધિત નિષ્કામ કર્મયોગ દ્વારા પ્રભુ પ્રાપ્તિની અલૌકિક સાધનાના ભાગરૂપે સંતો નિર્બંધ રહી, સંપ, સુહૃદભાવ, એકતા રાખી કેવળ સંતભગવંત સાહેબજીની પ્રસન્નતા પ્રાપ્તિ અર્થે ભક્તિ અદા કરે છે. જે કોઈ સંબંધમાં આવે છે તેને ભગવાન દેવાનું કાર્ય કરે છે. વેપારીઓ, ગ્રાહકો સાથે ભગવાનના સંબંધનું દર્શન કરી તે પ્રકારે વ્યવહાર કરે છે. તેને પરિણામે સહજ સૌને તેઓની સાધુતાનો સંસ્પર્શ થાય છે. આવા સૌ સંતો અને તેમની સાથે સેવારત ભક્તો પર સદ્‌ગુરુ સંતો પૂ. અશ્વિનદાદા અને પૂ. શાંતિદાદાએ આશીર્વાદ પ્રદાન કર્યા. સંતભગવંત સાહેબજીએ કર્મયોગી સાધનાનો મર્મ સમજાવી આશીર્વાદ પાઠવ્યા કે, 'પચાસ વર્ષની સાધનાને પરિણામે સુંદર સંતો પાક્યા. તેઓમાં ગુણાતીતભાવ પ્રગટ્યો છે તેનાં દર્શન કરી ખૂબ આનંદ થાય છે. અ.નિ. ડૉ. સનંદભાઈ અને પૂ. પૂનમભાઈનાં પ્રેમ, હૂંફ અને જતનને પરિણામે તે સાર્થક થયું છે. યોગીજી મહારાજ, કાકાજી, પપ્પાજીની દીર્ઘદૃષ્ટિને પરિણામે કર્મયોગી સાધના પ્રભુપ્રાપ્તિ અર્થે સહજ બની તેનો વિશેષ આનંદ છે.' ધન્યભાવ સાથે સૌએ સહજાનંદનો અનુભવ કર્યો. ◆



સાહેબજીના દિવ્ય સાંનિધ્યે અનુપમ મિશનના કર્મયોગ મંદિરે લાભપાંચમ નિમિત્તે મહાપૂજા

## શ્રદ્ધાંજલિ



*** સર્વેશ્વર નિગમ :** સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના પ્રીતિપાત્ર યુવાન સર્વેશ્વર નિગમ હાર્ટઍટેકને કારણે ૧૪ ઑક્ટોબરના રોજ અમેરિકામાં અક્ષરધામ સિધાવ્યા. નિષ્ઠાવાન અક્ષરમુક્તો નિગમસાહેબ–સોહિનીબહેનના તેઓ સુપુત્ર ! માવતર જેવા જ સંસ્કારેસંપન્ન અને ભક્તિથી ભર્યુંભર્યું તેઓનું જીવન. લૉસઍન્જલસ મંડળના મુક્તો સાથે સંપ, સુહૃદભાવ અને એકતા જાળવી તેઓએ અત્યંત દાસત્વભાવે ખૂબ સેવાઓ કરી. વિશ્વવિખ્યાત એમેઝોન કંપનીમાં સેવા આપતા સર્વેશ્વરભાઈએ પ્રભુપ્રસન્નતાર્થે ગુરુવચને સમર્પિત રહી, ભક્તોની સેવામાં આનંદ માણી જીવતર ધન્ય કર્યું. અક્ષરધામગમન બાદ પણ દેહના અવયવો જરૂરિયાતમંદોને અર્પણ કરી અદ્‌ભુત સેવા તેઓએ કરી. પરિવારજનોએ આ પ્રસંગે જે કર્તાપણાનો સ્વીકાર દર્શાવ્યો તે વંદનીય છે. તેઓના ધર્મપત્ની રિતુબહેન અને દીકરીઓ જયતી અને જશ્વીએ પણ આવો ભક્તિભર્યો સંસ્કારવારસો જાળવી પ્રેરણા અર્પણ કરી છે. સર્વેશ્વરભાઈની વિદાયવેળાએ તેઓને વંદન અને પરિવારજનો માટે હૃદયગત પ્રાર્થના ! ◆

॥ સ્વામિશ્રીજી ॥

### ॥ નિમંત્રણ ॥

# શ્રી વડતાલધામ પદયાત્રા

**સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોના પરમ સાંનિધ્યે**
**શ્રી વચનામૃત દ્વિશતાબ્દી મહાપર્વ અને**
**શ્રી અક્ષર પુરુષોત્તમ મહારાજ મૂર્તિપ્રતિષ્ઠા મંદિર મહોત્સવ**
**નિમિત્તે આયોજિત**
**'શ્રી વડતાલધામ પદયાત્રા'માં જોડાઈ ભક્તિરસનો**
**અલભ્ય લહાવો માણીએ.**

| | | |
|---|---|---|
| તારીખ | : | ૨૯ ડિસેમ્બર ૨૦૧૯, રવિવાર |
| પદયાત્રા શુભારંભ સ્થળ | : | અનુપમ મિશન, બ્રહ્મજ્યોતિ, મોગરી |
| પદયાત્રા શુભારંભ સમય | : | પ્રાતઃકાળે ૪:૩૦ વાગ્યે |
| સભાસ્થળ | : | શ્રી લક્ષ્મીનારાયણ સ્કૂલ, વડતાલધામ |

**નોંધ :** આપ શનિવાર, ૨૮ ડિસેમ્બર ૨૦૧૯ના દિવસે બ્રહ્મજ્યોતિ પધારશો તે વધુ હિતાવહ રહેશે. આપનાં આગમન તેમજ પ્રસ્થાનની વિગત પૂ. યજ્ઞેશભાઈને (મો. ૯૮૨૪૦૫૦૨૬૦) પર જણાવશો તેવી નમ્ર વિનંતી !